# સાબરકાંઠા જિલ્લામાં મૂશળધાર વરસાદ વરસ્યો

## ઇડરમાં આભ ફાટ્યું : ૧૦ કલાકમાં ૧૨ ઇંચ વરસાદ : હિંમતનગર, વડાલી અને વિજયનગરમાં ૪ ઇંચ વરસાદ પડ્યો : અંબાઇગઢા નદીમાં એક ઇસમ તણાયો : હરણાવ ડેમમાંથી ૧૦ હજાર ક્યુસેક પાણી છોડાતાં ૧૦ ગામોને એલર્ટ કરાયા




(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લામાં મુશળધાર વરસાદ વરસતાં જન જીવન અસ્ત વ્યસ્ત બનવા પામ્યું છે. ઇડરમાં ૧૦ કલાકમાં ૧૨ ઇંચ વરસાદ ખાબકયો હતો જયારે હિંમતનગર,વિજયનગર અને વડાલીમાં ૪-૪ ઇંચ વરસાદ પડયો હોવાનું જાણવા મળેલ છે. હરણાવ ડેમમાંથી ૧૦ હજાર કયુસેક પાણી છોડવામાં આવતાં વિજયનગર તાલુકાના ૧૦ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. જયારે ખેડબ્રહમાના અંબાઇગઢા ગામે સાબરમતી નદીમાં એક ઇસમ તણાઇ ગયાના સમાચાર -ાપ્ત થયા છે. ભારે વરસાદના કારણે ઉભી થનાર પરિસ્થિતિને પહોચી વળવા માટે જિલ્લા કલકેટર બંછાનિધિ પાનીની સીધી દેખરેખ અને માર્ગદર્શન હેઠળ ડીજાસ્ટર વિભાગ કામગીરી કરી રહયું છે.

જિલ્લામાં બે દિવસથી વરસાદ વરસી રહયો છે. મંગળવાર સાંજથી બીજા દિવસ સવાર સુધી સમગ્ર જિલલામાં ભારે અતિ ભારે વરસાદ પડયો હોવાના આંકડા -ાપ્ત થયા છે. ઇડરમાં છેલ્લા ૧૦ કલાકમાં ૧૨ ઇંચ વરસાદ ખાબકયો હતો જયારે હિંમતનગરમાં ૪ ઇંચ વરસાદ નોંધાયો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સરેરાશ ૭૨.૯૯ ટકા વરસાદ પડવા પામ્યો છે.

ખેડબ્રહમા તાલુકાના અંબાઇગઢા ગામે સાબરમતી નદીમાં ધુળાભાઇ માણકાભાઇ ભાંભી ઉ. વ.૪૬ તણાઇ જતાં તેમનું મોત નીપજયું છે. જયારે આંતરસુબા-માંધરી માર્ગ ઉપર ડુંગરના પથ્થરો પડતાં રસ્તો બંધ થઇ જવા પામ્યો છે. હિંમતનગર તાલુકાના બચોચપુર વીજળી પડતાં એક ભેંસ અને એક પાડીનું મોત નિપજયું છે., ઇડરના જાલીયામાં નાળામાં બે ભેંસો નણાઇ હતી. હરણાવ ડેમમાં પાણી ભરતાં ૧૦ હજાર કયુસુક પાણી છોડવામાં આવ્યું છે. ૧૦ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. આમ ભારે વરસાદના કારણે જનજીવન ઉપર અસર થવા પામી છે.






(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર સહિત બનાસકાંઠા જિલ્લામાં હળવાથી ભારે વરસાદ નોંધાયો છે. જેમાં પાલનપુરમાં ભારે વરસાદ ખાબકતાં સમગ્ર વિસ્તારો જળબંબાકાર બની ગયા હતા.

# ડીસામા ૧૨ ઇંચ વરસાદ

## નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘુસતા લોકોની હાલત કફોડી



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)




ડીસા, તા. ૩

ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં હળવાથી ભારે વરસાદ નોંધાયો છે. જેમાં ડીસામાં ૧૨ ઇંચ વરસાદ ખાબકતાં સમગ્ર વિસ્તારો જળબંબાકાર બની ગયા હતા.

ડીસા શહેરમાં મંગળવારે મોડી રાતે શરૂ થયેલો વરસાદ બુધવારે ચાર વાગે બંધ થયો હતો. જે કુલ ૧૨ ઇંચ જેટલો નોંધાયો હોવાનું ડીઝાસ્ટર કચેરીના સૂત્રોએ જણાવ્યું હતું. ભારે વરસાદના કારણે હરિઓમ હાઇસ્કૂલ પાસે પસાર થતાં વ્હોળામાં પાણીનો આવરો વધી જતાં નજીકના ઘરોમાં પાણી ઘુસી ગયું હતું. સાંબલા ધાર વરસાદથી ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોની હાલત કફોડી બની જવા પામી હતી. શહેરના અનેક વિસ્તારો જળાશયમાં ફેરવાયા હતા. શાળાઓમાં રજા જાહેર કરી દેવાઇ હતી. માર્ગો સુમસામ બન્યા હતા. બપોર સુધીમાં બજારમાં કરફયુ લદાયો હોય તેવી સ્થિતિ જોવા મળી હતી. મેઇન બજારમાં આવેલ નરેશ પ્રોવિઝન સ્ટોર્સમાં પાણી ભરાતા મોટુ નુકશાન થયું હોવાનું દુકાનદાર યુધિષ્ઠર ખત્રીએ જણાવ્યું હતું. વરસાદે નીચાણવાળા વિસ્તારોમાં ભારે તરાજી વેરી હતી. અનેક જગ્યાએ રસ્તાઓમાં તૂટી ગયા હતા. વરસાદને કારણે લોકો પણ ઘરોમાં પુરાઇ રહ્યા હતા. વિજળીના કડાકા ભડાકા સાથે ત્રાટકેલા વરસાદ સમગ્ર જીવ સૃષ્ટિને બાનમાં લીધી હતી.

# ખેડબ્રહ્મા-ખેડવા અને વણજ ડેમમાંથી પાણી છોડાતા હરણાવ નદી બે કાંઠે

## તંત્ર દ્વારા નદીમાં ન ઉતરવા જાહેર ચેતવણી અપાઇ



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા.૩

ખેડબ્રહ્મા શહેરના મધ્યમાંથી પસાર થતી કોસંબી-ભીમાક્ષી અને હરણાવ નદીઓના ઉપરવાસમાં ભારે વરસાદ અને ખેડવા અને વણજ ડેમમાંથી પાણી છોડાતા નદીઓ બે કાંઠે વહેવા લાગી હતી. ચોમાસાની સીઝનના અંતમાં પ્રથમ વખત નદી બે કાંઠે વહેતાં લોકોનાં ટોળે ટોળાં નદી કાંઠે પુર જોવા ઉમટી પડયા હતા.

મંગળવાર બપોર પછી શરુ થયેલ વરસાદ બુધવાર સવાર સુધી ચાલુ રહેતાં ખેડૂતોના ખરીફ પાકને જીવતદાન મળ્યું છે. ખેડબ્રહ્માની મધ્યમાંથી વહેતી હરણાવ કોસંબી અને ભીમાક્ષી નદીઓ બે કાંઠે વહેવા લાગી હતી. હરણાવ નદીના ઉપસવાસમાં ભારે વરસાદ પડતાં ખેડવા અને વણજ ડેમમાંથી પાણી છોડાતાં નદીમાં પુર આવ્યું હતું. ખેડવા ડેમમાંથી ૫૦૦ કયુસેક અને વણજ ડેમમાંથી પાણી છોડાતાં નદીમાં પુર આવ્યું હતું. ખેડવા ડેમમાંથી ૫૦ કયુસેક અને વણજ ડેમમાંથી ૧૫૦૦૦ કયુસેક પાણી છોડાતાં ખેડબ્રહ્મા શહેરમાં તંત્ર દ્વારા લોકો તથા પદયાત્રીઓને નદીમાં ન ઉતરવાની ચેતવણી આપવામાં આવી હતી. ચોમાસાની સીઝનમાં પ્રથમ વખત નદીઓ બે કાંઠે વહેવા લાગતાં પુરને જોવા લોકો ઉમટી પડયા હતા.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

એક બાજુ તોફાની પવન સાથે વરસાદ તો બીજી બાજુ શ્રધ્ધામાં તરબોળ શ્રધ્ધાળુઓ માનવ સાંકળ બની મા અંબાના ધામ અંબાજી તરફ કુચ કરી રહયા છે. જગનજનની આર્ધશકિત મા અંબાના સુ-સિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળાનો -ારંભ થઇ ચૂકયો છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના માર્ગો જય અંબેના જયઘોષ થી ગુંજી રહયા છે.



અંબાજીનો વિખ્યાત ભાદરવી પૂનમનો મેળો જેમ જેમ નજીક આવી રહ્યો છે તેમ તેમ અંબાજી નજીકના ૧૦૦ કિલોમીટર વિસ્તારના રસ્તાઓ વરસતા વરસાદમાં પદયાત્રીઓની લાંબી લાઇનો માતાજીના ચરણોમાં માથું ટેકવી ધન્ય બનવા આગળ વધી રહી છે. ખેડબ્રહ્માથી અંબાજી સુધીનો માર્ગ જય અંબેના નાદથી ગુંજી ઉઠયો છે. ભાદરવી પૂનમે ગુજરાત અને રાજસ્થાનથી શણગારેલા રથ લઇ આવતા પદયાત્રીઓ ખેડબ્રહ્મા આવી પહોંચતાં ખેડબ્રહ્માનું વાતાવરણ ભકિતમય બની ગયું છે. ભાદરવી પૂનમે ખેડબ્રહ્મા તથા અંબાજી દર્શનાર્થે લાખો ભકતો પગપાળા જતા હોય છે જે પૈકી અમુક શ્રધ્ધાળુ નાના બાળકોને ઘોડીયામાં કે બાબાગાડીમાં શ્રધ્ધાથી મા અંબાના દર્શન કરવા પહોંચી ગયા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઇલ્સ ● વીટ્રીફાઇડ ટાઇલ્સ ● સિરામિક ફ્લોર ટાઇલ્સ ● એકવાઆર્ટ ● વોલ કલેડીંગ ● માર્બલ સ્ટોન અને કવાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઇવે, ગાંધીનગર. મોબાઇલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઇઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઇઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઇલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઇઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઇઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઇઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઇડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઇ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦